રાજયની સરકારી તથા બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક
તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (ધો-૯ થી ૧૨)
અભ્યાસ કરતાં અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતિ તથા
બક્ષીપંચના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો પુરા
પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પઠપ/૧૦૧૩/**નવી બાબત-૧૧/છ,**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૭/૦૫/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૪/૧૨/૧૯૮૫ નો ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૩૮૪/૬૮૨૯૮/છ,
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૬/૧૨/૧૯૮૫ નો ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૩૮૪/૬૭૫૯૪/છ,
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૬/૮૯ નો ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૧૮૭/૭૩૭/છ,
(૪) શિક્ષણ વિભાગનો તા.૦૩/૧૦/૧૯૮૪ નો ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૧૮૯/૪૯૬/છ,

આ મુ ખઃ-

ઉપર આમુખ ક્રમાંકઃ (૧) અને (૨) સામે જણાવેલ વિભાગના તા.૨૪/૧૨/૮૫ તથા તા.૨૬/૧૨/૮૫ ના ઠરાવથી અનુક્રમે રાજયના આદિવાસી વિસ્તાર તથા બિન આદિજાતિ વિસ્તારની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના પુસ્તકો ખરીદવા માટે રૂ.૮૪૦૦/- થી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો પુરા પાડવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી.

આમુખના ક્રમાંકઃ (૩) માં જણાવેલ વિભાગના તા.૧૨/૦૬/૮૯ ના ઠરાવથી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ફી માફી આપવાની યોજનાઓમાં વિદ્યાર્થીઓના વાલી/માતા/પિતાની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૮૪૦૦/- થી વધારીને રૂ. ૧૫,૦૦૦/- કરવાનું ઠરાવવામાં આવેલ હતું. ત્યારબાદ આમુખના ક્રમાંકઃ (૪) માં જણાવેલ વિભાગના તા.૦૩/૧૦/૧૯૯૪ ના ઠરાવથી આ આવક મર્યાદા વધારીને રૂ. ૨૫,૦૦૦/- નિયત કરવાનું સરકારે ઠરાવેલ છે. ઉકત માપદંડ ધ્યાને લઇ રાજયના આદિવાસી વિસ્તાર તથા બિન આદિજાતિ વિસ્તાર ની સરકારી તથા બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો પુરા પાડવામાં આવતા હતા.

વિદ્યાર્થીઓના વાલીઓના આવકના દાખલા માટે થતાં ખર્ચની રકમ તથા પાઠયપુસ્તકના સેટની રકમ લગભગ સરખી થતી હોઇ યોજનાનો લાભ લેવા વિદ્યાર્થીઓ આગળ આવતા ન હતા અને પ્રસ્તુત યોજનાનો લાભ વિદ્યાર્થીઓ લઇ શકતા નથી. આથી રાજયની સરકારી તથા બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના ધોરણ-૯ થી ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિ **(S.C.)** અનુસુચિત જનજાતિ **(S.T)** અને બક્ષીપંચ **(O.B.C.)** વિદ્યાર્થીઓના વાલી/માતા/પિતાની વાર્ષિક આવક ધ્યાન લીધા સિવાય મફત પાઠયપુસ્તકનો સેટ આપવાનું સરકાર આથી ઠરાવે છે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૧-૪-૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિલેષ ત્રિવેદી )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સંસદ સચિવશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રા.ક.ના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગુજરાત વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગુજરાત રાજય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત રાજય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સચિવશ્રી, નણાં વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, નવા સચિવાલય, ગાંધીનગર.
- ના.સં.અધિ.સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

T/CHH/THARAV/21